# મંથરામાઈ...

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**



રામાયણ વૈયક્તિકથી માંડીને સમષ્ટિગત સમસ્યા, ભાવના, અધ્યાત્મ, ભક્તિનું ઊર્ધ્વીકરણ કેવી રીતે કરવું, એમાં કેવી રીતે કરાયું છે તેના પ્રસંગો માનવજાત માટે પ્રેરક અને રસપ્રદ છે. ખાસ કરીને ભાવને સ્વભાવ અને પ્રભાવમાં કેવી રીતે પરિવર્તિત કરવો, એનું ઊર્ધ્વીકરણ કેવી રીતે સાધવું, સાધી શકાય, તેનું ખૂબ સૂક્ષ્મતાથી નિદર્શન થયું છે. રામાયણનો એક એક પ્રસંગ, એક એક પાત્રનો ભાવ, તેની વર્તણૂક, તેનું વ્યક્તિત્વ આપણને કોઇ ને કોઇ રીતે પ્રેરક નીવડે છે.

> **સજા માગવા પાછળ તેના હૃદયનો ઊંડો પશ્ચાત્તાપ પણ વ્યક્ત થાય છે. કદાચ આ પશ્ચાત્તાપને પરબ્રહ્મ રામે જાણી, સમજીને જ તેઓ સામે ચાલીને મંથરાને મળવા ગયા અને તેના હૃદયમાં જાગેલા પશ્ચાત્તાપના અગ્નિને પોતાના દિવ્ય પ્રેમથી શાંત કર્યો**

ચૌદ વર્ષના વનવાસ પછી રામનો જ્યારે રાજ્યાભિષેક થયો ત્યારે તેઓ સીતા અને લક્ષ્મણની સાથે મંથરાને મળવા ગયા. એક બંધ ઓરડામાં મંથરા સૂતી હતી. રામે જાતે બારણું ખોલ્યું. બારણાની વચમાં ઊભા રહી મંથરાને બૂમ પાડીઃ '' મા.'' કોઇ પ્રતિભાવ ન મળતાં તેમણે ફરી બૂમ પાડીઃ ''મા, મંથરામાઇ.'' મંથરાએ અવાજ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેણે આંખ ખોલી. એટલામાં ફરી રામનો અવાજ સાંભળ્યો : ''મંથરામાઇ.'' મંથરા એકદમ ત્વરાથી પોતાની જગ્યાએથી ઊભી થઇ. રામ તરફ લગભગ દોટ મૂકી. તે એકદમ ભાવાવેશમાં આવી અને બોલવા લાગીઃ ''રામ, તમે આવી ગયા? રાજા રામ, મને સજા કરો. હું ચૌદ વર્ષથી તમારી પ્રતીક્ષા કરી રહી છું. મને સજા કરો.''

રામ સંપૂર્ણ સ્વસ્થ હતા. તટસ્થ હતા. દુઃખ, ઉપેક્ષા કે નફરતની એક લકીર પણ તેમના સમસ્ત અસ્તિત્વમાંથી ઉદ્ભવી નહોતી. બલ્કે રામ પ્રસન્નચિત્ત હતા. સંપૂર્ણ શાંત અને સ્થિર હતા. મંથરાએ ફરી ભાવાવેશમાં આવી સજાની માગણી કરી. પરંતુ રામે પ્રસન્નતાથી કહ્યુંઃ ''મા, તમે કેમ આવી વાત કરો છો? અમે તો તમારા ખોળામાં રમતાં બાળકો છીએ. અમે તમને માનભેર રાજમહેલમાં અમારી સાથે તમને લઇ જવા માટે આવ્યા છીએ. મંથરામાઇ, તમે વિના સંકોચે અમારી સાથે રાજમહેલમાં ચાલો. જુઓ તો ખરા, સાથે કોણ કોણ આવ્યું છે. મંથરા લક્ષ્મણને જુએ છે. સીતાને જુએ છે. રામે સીતાને કહ્યુંઃ ''સીતે, મંથરામાઇના ચરણસ્પર્શ કરો. એ તો તારાં સાસુ સમાન છે.'' સીતાએ મંથરાના ચરણસ્પર્શ કર્યા પણ મંથરા તરત જ સીતાને ભેટી પડી. મંથરાની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. સીતા પણ રામની જેમ જ સંપૂર્ણ સ્વસ્થ, તટસ્થ અને પ્રસન્નચિત્ત હતી.

સમગ્ર પ્રસંગ રામ, સીતા અને લક્ષ્મણના ઉદાર, ઉદાત્ત ચરિત્રની પ્રતીતિ કરાવે છે. ક્ષમા કરવાનો સંદેશ આપે છે. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'ની ઉક્તિને ચરિતાર્થ કરવાનો નિર્દેશ આપે છે. જે મંથરાની ભંભેરણીથી રામને ચૌદ વર્ષનો વનવાસ મળ્યો તેમ છતાં વનમાંથી પાછા ફર્યા પછી રામ સામે ચાલીને મંથરાને મળવા ગયા. એટલું જ નહીં મંથરાને 'મા, મંથરામાઇ' કહી સંબોધી એથીયે વિશેષ પોતાને 'તેમનાં બાળકો' ગણાવ્યાં જે હકીકત સમગ્ર માનવજાતને અનેક અર્થછાયાઓ સમજાવે છે.

જ્યારે આપણું કોઇ અહિત કરે, આપણને પછાડવાનો પ્રયત્ન કરે, આપણી વિરુદ્ધ ષડયંત્રો રચે તે જાણવા છતાં આપણે તેને માફ કરી દઇએ તે આપણા ઉદાર ઉદાત્ત વ્યક્તિત્વનું લક્ષણ છે. માફ કરી દેવાનો આ ભાવ આપણને અંતરથી એક અનેરી, અનોખી પ્રસન્નતા, ઊંડી શાંતિ અને દિવ્ય ઊર્જાનો અનુભવ કરાવે છે. કોઇકે આપણું અહિત કર્યું પણ ઈશ્વર આપણને ખૂબ મોટી સફળતા આપશે-આપે છે તે નિશ્ચિત છે. આ પ્રસંગમાં રામે વનવાસ વેઠયો પણ તે દરમ્યાન તેમણે દેવત્વ પ્રાપ્ત કર્યું, સિદ્ધ કર્યું. રામ સ્વયં પરબ્રહ્મ જ છે તેથી જ તેમણે કોઇ પણ જાતની દલીલ કર્યા વિના વનવાસ સ્વીકારી લીધો. તેમના દિલમાં કદી પણ મંથરા માટે કોઇ દુર્ભાવ, નફરત પેદા ન થયાં તે હકીકત નોંધપાત્ર અને પ્રેરક છે.

મંથરાની ભાવસ્થિતિની વાત કરીએ તો જ્યારે કોઇ પણ વ્યક્તિ કોઇનું અહિત કરે છે ત્યારે સમય જતાં તેને ખોટું કર્યાનો અહેસાસ તો થાય જ છે. અહીં મંથરાને એ અહેસાસ થયો. પોતે સામે ચાલી સજા માંગી. આ સજા માગવા પાછળ તેના હૃદયનો ઊંડો પશ્ચાત્તાપ પણ વ્યક્ત થાય છે. કદાચ આ પશ્ચાત્તાપને પરબ્રહ્મ રામે જાણી, સમજીને જ તેઓ સામે ચાલીને મંથરાને મળવા ગયા એ તેના હૃદયમાં જાગેલા પશ્ચાત્તાપના અગ્નિને પોતાના દિવ્ય પ્રેમથી શાંત કર્યો. શાંત કર્યો એટલું જ નહીં, તેને રાજમહેલમાં પાછી લઇ આવવા ત્રણેય જણાં રામ, સીતા અને લક્ષ્મણ સામે ચાલી ગયાં એ હકીકત સમગ્ર માનવજાતને માટે પ્રેરક છે. જ્યારે આપણને કંઇ ખોટું કર્યાનો અહેસાસ થાય ત્યારે ક્ષમા માગવા આતુર થઇએ છીએ. માણસના હૃદયની સચ્ચાઇ, પ્રેમ, સામા માણસને ક્ષમા કરી દે છે. આપણે પણ આપણા જીવનસંગ્રામમાં પ્રેમ સચ્ચાઈ, અને ક્ષમાના ભાવને ઘૂંટતાં રહીશું તો આપણા કુટુંબમાં, ઘરમાં, સમાજમાં, રાષ્ટ્ર અને સમસ્ત વિશ્વમાં શાંતિ સ્થપાશે.

# વિભૂતિઓના સ્મરણનું સપ્તાહ

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

સૂર્ય સિદ્ધાંત મુજબ આજે અક્ષય તૃતીયા છે અને આ સપ્તાહ- દિવ્ય વિભૂતિઓ જેમણે સમાજની એકતા માટે, ભક્તિભાવને સુદૃઢ કરવા, જ્ઞાન-ભક્તિના માર્ગે અમૂલ્ય યોગદાન આપ્યું છે. જે ક્યારેય નહીં ભુલાય તેમના પૂજન, સ્મરણનું છે.

મંગળવારે આદ્ય શંકરાચાર્યજીની જયંતી છે. ભગવાન શંકરના અવતાર ગણાતા શંકરાચાર્યજીએ અદ્વૈત સિદ્ધાંતને પ્રચલિત કરવા ત્રણ વાર ભારત ભ્રમણ કર્યું હતું. અનેક પંથો અને વાડામાં વહેંચાયેલા હિન્દુ સમાજની એકતા માટે પંચાયતન પૂજા પદ્ધતિ પ્રચલિત કરી. સર્વ દેવો પ્રત્યે સમાન ભાવની લાગણી જગાવી. ધર્મની એકતા, રક્ષા કાજે દેશના ચાર ખૂણે ચાર મઠોની સ્થાપના કરી ખૂબ મોટું યોગદાન આપ્યું. તેમણે અનેક ગ્રંથો, સ્ત્રોતોની રચના કરી. જે આજે પણ લોકપ્રિય છે અને આધ્યાત્મ ક્ષેત્રના જિજ્ઞાસુઓ માટે માર્ગદર્શક છે. બાર જ્યોતિર્લિંગોમાંના પ્રથમ સોમનાથ મંદિરનો આજે પ્રતિષ્ઠા દિન છે. ગુજરાત અને શિવભક્તોના ગૌરવ સમાન સોમનાથ મંદિર અનેક ચડતીપડતીમાંથી પસાર થયા બાદ આજે ભવ્યતા અને દિવ્યતા સાથે ભક્તોને શિવમય બનવા આકર્ષે છે.



પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજીના પુત્રરત્ન શ્રી વિઠ્ઠલનાથજીએ કૃષ્ણભક્ત કવિઓમાંથી આઠ સર્વોત્તમ કવિઓની પસંદગી કરી અષ્ટછાપની પ્રતિષ્ઠા કરી. અષ્ટછાપના આઠ કવિઓમાં સૂરદાસજીનું નામ અને સ્થાન મહત્ત્વનું છે. કૃષ્ણલીલા અને કૃષ્ણભક્તિનાં તેમનાં પદો ખૂબ લોકપ્રિય છે. સૂરદાસજીની ઉપાસના સખ્ય ભાવની છે. તેમને 'ઉદ્ધવજી'નો અવતાર કહેવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ એવા સૂરદાસજીની આજે જયંતી છે. તેમણે ગોંસાઈજીની સામે શ્રી રાધા-કૃષ્ણના અખંડ રાસના સ્મરણમાં લીન થઈ દેહ છોડ્યો હતો.

બુધવારથી નૃસિંહ નવરાત્રનો પ્રારંભ થાય છે. આપણે ત્યાં ખાસ પ્રચલિત નથી પરંતુ દક્ષિણ ભારતમાં નૃસિંહ અવતાર પૂર્વે નવરાત્રમાં નૃસિંહ ભક્તો યજ્ઞ, ભક્તિ, સત્સંગ, અવતાર કથા જેવા કાર્યક્રમો યોજે છે. વૈશાખ સુદ છઠે શ્રી રામાનુજાચાર્યની જયંતી છે. ભક્તિને ભાગવત ધર્મનો પ્રાણ માનતા તેમનું વિશિષ્ટાદ્વૈત દર્શન 'રામાનુજદર્શન'ના નામે વિખ્યાત છે. તેમણે બ્રહ્મસૂત્ર પર લખેલું 'શ્રીભાષ્ય' ખૂબ પ્રસિદ્ધ છે. શ્રી રામાનુજાચાર્યે સ્થાપેલો સંપ્રદાય શ્રી સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેમણે 'ઓમ નમો નારાયણાય'નો આપેલો મંત્ર ખૂબ જ પ્રસિદ્ધ છે. સંતો પરસ્પર મિલન-મુલાકાત વખતે 'ઓમ નમો નારાયણાય' બોલીને અભિવાદન કરે છે.

વૈશાખ સુદ સાતમ ગંગોત્પત્તિ,ગંગા સાતમ તરીકે ઉજવાય છે. પતિત પાવની ગંગાજીના પૂજન અને તેના મહિમાનું ગાન કરતા અનેક કાર્યક્રમો ખાસ કરીને હરિદ્વાર, ઋષિકેશ,ગંગોત્રી ખાતે યોજાય છે.

વૈશાખ સુદ આઠમ શક્તિ ઉપાસકો, તંત્ર સાધકો માટે મહત્ત્વની છે તે દિવસ બગલામુખી જયંતી તરીકે ઉજવાય છે.

માનવતા, સેવા, સમભાવને સમર્પિત શ્રી સત્યસાંઈબાબાની પુણ્યતિથિ આજના દિવસે તેમના ભક્તો વિશેષ સેવા કાર્યો કરી શ્રી સત્યસાંઈને સ્મરણાંજલિ અર્પે છે.

વૈશાખ સુદ નોમ સીતા- જાનકી નવમી તરીકે ઉજવાય છે. સીતા માતાનો જન્મદિન 'મૈથિલી દિન' તરીકે પણ ઉજવાય છે. જગતજનની સીતા માતા પ્રેમ, સેવા, કરુણા, ત્યાગ, સહનશીલતાની સાક્ષાત મૂર્તિ તરીકે પૂજાય છે.

વૈશાખ સુદ નોમ મહર્ષિ વશિષ્ઠ જયંતી તરીકે ઉજવાય છે. સપ્તર્ષિઓમાં સ્થાન ધરાવતા મહર્ષિ વશિષ્ઠની ઉત્પત્તિનું વર્ણન પુરાણોમાં વિભિન્ન રૂપથી જણાવાયું છે. તેમને ક્યાંક બ્રહ્માજીના માનસ પુત્ર તો ક્યાંક આગ્નેય પુત્ર તો ક્યાંક મિત્રાવરૂણના પુત્ર કહેવામાં આવ્યા છે પરંતુ બ્રહ્મશક્તિના મૂર્તિમાન સ્વરૂપ તપોનિધિ મહર્ષિ વશિષ્ઠના ગુણો અને મહિમાનું વર્ણન ધર્મશાસ્ત્ર, ઇતિહાસ અને પુરાણોમાં છે. તેમની સહધર્મચારિણી અરૂંધતી દેવી જે સપ્તર્ષિ તારા મંડળની પાસે સ્થાન ધરાવે છે.

> **સપ્તર્ષિઓમાં સ્થાન ધરાવતા મહર્ષિ વશિષ્ઠની ઉત્પત્તિનું વર્ણન પુરાણોમાં વિભિન્ન રૂપથી જણાવાયું છે. તેમને ક્યાંક બ્રહ્માજીના માનસ પુત્ર તો ક્યાંક આગ્નેય પુત્ર તો ક્યાંક મિત્રાવરૂણના પુત્ર કહેવામાં આવ્યા છે પરંતુ બ્રહ્મશક્તિના મૂર્તિમાન સ્વરૂપ તપોનિધિ મહર્ષિ વશિષ્ઠના ગુણો અને મહિમાનું વર્ણન ધર્મશાસ્ત્ર, ઇતિહાસ અને પુરાણોમાં છે**

**'બ્રહ્મતેજો બલં બલમ્'**

આ ખૂબ જ જાણીતું સૂત્ર મહર્ષિ વશિષ્ઠએ ઉચ્ચાર્યું હતું. એક વાર વિશ્વામિત્ર તેમના અતિથિ બનેલા, વશિષ્ઠજીએ તેમને ખૂબ પ્રેમથી પોતાની 'કામધેનુ' જેવી 'નંદિની' ગાયની મદદથી ભોજનસામગ્રી વગેરે હાજર કરી દીધી અને વિશ્વામિત્રને તેની સેના સાથે પૂર્ણ રીતે તૃપ્ત કર્યા. આવી અલૌકિક ક્ષમતા જોઈને વિશ્વામિત્રને ખૂબ આશ્ચર્ય થયું અને તેમણે તે મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી. એ ગાય વશિષ્ઠના અગ્નિહોત્ર માટે આવશ્યક હતી એટલે તેમણે જ્યારે ગાય આપવાની અસમર્થતા વ્યક્ત કરી ત્યારે વિશ્વામિત્રે બળપૂર્વક તે ગાય લઈ જવાનો પ્રયાસ કર્યો. તે સમયે વશિષ્ઠે તે ગાયની મદદથી અપાર સેનાનું સર્જન કર્યું અને વિશ્વામિત્રની સેનાને ભગાવી ક્ષત્રિય બળની સામે બ્રહ્મબળનો ઉત્કર્ષ જોઈને વિશ્વામિત્રે હાર માનવી પડી પરંતુ તેનામાં રહેલી દ્વેષભાવના ઓછી થઈ નહીં. તેમણે વશિષ્ઠને હરાવવા માટે મહાદેવજીનું શરણ લીધું. શંકરજીની કૃપાથી તેમણે દિવ્યાસ્ત્ર પ્રાપ્ત કરી ફરી વશિષ્ઠ પર આક્રમણ કર્યું પરંતુ વશિષ્ઠના બ્રહ્મદંડની સામે તેનું કંઈ ચાલ્યું નહીં અને વિશ્વામિત્રના મુખેથી આ ઉચ્ચારો નીકળી પડ્યા--

'ધિગ્બલં ક્ષત્રિય બલં,
બ્રહ્મતેજો બલં બલમ્
એકેન બ્રહ્મદંડેન
સર્વાસ્ત્રાણિ હતાનિ મે'
'ઇદં ન મમ'.